

**વિશ્વ દિવ્યાંગ દિને દિવ્યાંગ બાળકો-યુવાઓ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાતે**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અમદાવાદની દિવ્યાંગ જન શાળા તેમજ સદવિચાર પરિવાર સંચાલિત દિવ્યાંગ પૂર્નવસન કેન્દ્રના બાળકો-યુવાઓએ વિશ્વ દિવ્યાંગ જન દિવસે ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસસ્થાને મુલાકાત લીધી હતી. વિશ્વભરમાં ત્રીજી ડિસેમ્બરને આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ જન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. દિવ્યાંગ દિવસ અંતર્ગત આ બાળકો-યુવાઓ મુખ્યમંત્રીને મળ્યા હતા. ભૂપેન્દ્ર પટેલે પણ આ બાળકો-યુવાઓ સાથે લાગણીસભર સંવાદ કર્યો હતો.

# વાઈબ્રન્ટ સમિટના નામે નાના-મધ્યમ વર્ગને પરેશાન કરવાનું બંધ કરો

**વાઈબ્રન્ટ સમિટ પહેલા દબાણ હટાવો ઝુંબેશના ઓથા હેઠળ લારી-ગલ્લા હટાવવા સામે વસાહત મહાસંઘનો વિરોધ : કોરોના વાયરસના ઓમીક્રોન વેરિયન્ટના જોખમને અનુલક્ષીને વાઈબ્રન્ટ સમિટ મોકુફ રાખવા માંગ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં એક તરફ આગામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટને અનુલક્ષીને અત્યારથી પ્રિ-વાઈબ્રન્ટ ઈવેન્ટ્સ શરૂ થઈ ચુકી છે અને બીજી તરફ દેશમાં કોરોના વાયરસના ઓમીક્રોન વેરિયન્ટની એન્ટ્રી પણ થઈ ચુકી છે જેને પગલે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા કોરોના મહામારીના આગમન અગાઉની ટ્રમ્પ મુલાકાતને યાદ કરીને ફરી તેવી સ્થિતિ ના સર્જાય તે હેતુથી ગુજરાત સરકારે વાઈબ્રન્ટ સમિટને રદ કરવી જોઈએ તેવું સૂચન કર્યુ છે. આ સાથે વસાહત મહાસંઘે કોરોના મહામારીના લાંબા કપરા કાળ પછી માંડ થાળે પડી રહેલા નાના-મધ્યમ વેપાર-ધંધાને અત્યારે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને દબાણ હટાવો ઝુંબેશ અંતર્ગત બંધ કરાવવાની તંત્રની નીતિ સમક્ષ વાંધો ઉઠાવતા આ કાર્યવાહી રોકીને મધ્યમ તથા જરૂરિયાતમંદ વર્ગને મદદરૂપ થવા માંગણી કરી છે.

શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું છે કે આગામી જાન્યુઆરી માસમાં મહાત્મા મંદિર ખાતે યોજાનાર વાઈબ્રન્ટ સમિટના પગલે દેશ-વિદેશમાંથી આમંત્રિતો પધારશે, પરંતુ અત્યારે વિશ્વના અનેક દેશોમાં કોરોના વાયરસનો નવો વેરિયન્ટ ઓમીક્રોન પ્રસર્યો



છે જેણે ચિંતા જગાવી છે ત્યારે ફરી કોરોના મહામારી ગાંધીનગર સહિત રાજયના જનજીવનને વેરવિખેર કરી નાંખે તેના કરતાં વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૨૨ સમિટને રાજ્ય સરકારે રદ કરવી જોઈએ. અત્યારે વાઈબ્રન્ટ સમિટના આયોજનના પગલે શહેરના લારી-ગલ્લાં, પાથરણાં સહિતના વેપારીઓને દબાણ હટાવવાના ભાગરૂપે પરેશાન કરવામાં આવી રહ્યાં છે, જેઓ કોરોના કાળમાં માંડ ફરી બેઠાં થઈ રહ્યાં છે ત્યારે સરકારે તેમને મદદરૂપ થવાને બદલે તેમના રોજગાર-ધંધા છીનવી લેવાની કનડગત હાથ ધરી છે. જે તદ્દન અયોગ્ય છે. આ મધ્યમ-નાના વર્ગને પડતા પર પાટું મારવાને બદલે વાઈબ્રન્ટ સમિટનો હાલ મોકુફ રાખવી જોઈએ તેવું તેમણે સૂચન કર્યુ છે.

# ગુજરાતમાં હવે હાઈડ્રોજન ફ્યુઅલ પ્લાન્ટ માટે સરકારી જમીન અનામત કરવા આદેશ

**આવનારા ૧૦ વર્ષમાં ઇલેક્ટ્રિકની સાથે હાઇડ્રોજન ફ્યુઅલના વાહનો સડકો પર ફરતા હશે, ૨૦ રૂપિયા લીટર અને ૨૦૦ કિલોમીટર સુધીની એવરેજ હશે**

ગાંધીનગર, તા. ૩

હવે એવા દિવસો દૂર નથી કે ગાડીમાં પેટ્રોલ અને ડીઝલની જગ્યાએ હાઈડ્રોજન ફ્યુઅલ પુરવામાં આવશે. આ ફ્યુઅલ સસ્તું અને લાંબી માઈલેજ આપનારૂં સાબિત થવાનું છે. ઈલેક્ટ્રિકની સાથે ભવિષ્યના ફ્યુઅલ પર વિદેશમાં જેમ પ્રોજેક્ટ શરૂ થયા છે તેવા પ્રોજેક્ટ ગુજરાતમાં શરૂ થઈ રહ્યાં છે. ૧૦મી વાયબ્રન્ટ સમિટમાં કેટલીક કંપનીઓ હાઈડ્રોજન પ્લાન્ટ અંગે એમઓયુ કરવા માગે છે.

રાજ્ય સરકારે અત્યારથી જ આ દિશામાં કાર્યવાહી શરૂ કરી છે. કચ્છ, બનાસકાંઠા અને અન્ય જિલ્લાઓમાં કેટલીક સરકારી જમીન હાઈડ્રોજન પ્લાન્ટ નાંખવા ઈચ્છુક કંપનીઓ માટે અનામત રાખવાનો આદેશ કર્યો છે. કેન્દ્રના માર્ગદર્શન મુજબ રાજ્ય સરકાર હાઈડ્રોજન ફ્યુઅલ ટેકનોલોજી તરફ આગળ વધી રહી છે.

ઉદ્યોગ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે વિશ્વમાં હાઈડ્રોજન સંચાલિત ટ્રેનોનું પરીક્ષણ કરવામાં આવ્યું છે તે જોતાં નજીકના ભવિષ્યમાં પેટ્રોલ અને ડીઝલના અસરકારક વિકલ્પ તરીકે હાઈડ્રોજન ફ્યુઅલનો વિકાસ થવાની સંભાવના છે. વિવિધ દેશોમાં એક તરફ ઈલેક્ટ્રિક વ્હિકલ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે ત્યારે ભવિષ્યની ઉર્જા તરીકે હાઈડ્રોજન ટેકનોલોજી આધારિત ઉદ્યોગો સ્થાપવા આ દેશો આગળ વધી રહ્યાં છે.

થોડાં સમય પહેલાં ભારતીય રેલવેએ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ દ્વારા ટ્રેન ચલાવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. દેશમાં પહેલા ડેમુ ટ્રેન બે રેકમાં પરિવર્તન કરીને તેને હાઈડ્રોજન ફ્યુઅલ સેલથી ચલાવવામાં આવશે, તેના પછી નેરોગેજ એન્જીનમાં આ ફ્યુઅલ વપરાશે. હાઈડ્રોજનને એક સ્વચ્છ અને વધુ ઉર્જા આપતું ઈંધણ માનવામાં આવે છે. એક કિલો હાઈડ્રોજનમાં નેચરલ ગેસ કરતાં ૨.૬ ગણી વધારે એનર્જી હોય છે અને તેનો સંગ્રહ કરી જરૂરિયાત પ્રમાણે વાપરી શકાય છે.

ગયા વર્ષે દુનિયામાં ૮૫૦૦ જેટલા હાઈડ્રોજન ફ્યુઅલ સેલ વાહન વેચાયા હતા. આજે જ્યારે પેટ્રોલ અને ડીઝલની વધતી જતી કિંમતોની વચ્ચે દુનિયાનું ધ્યાન આ ટેકનોલોજી તરફ ગયું છે. ટ્રાન્સપોર્ટેશન માટે આ એક ફ્યુચર ટેકનોલોજી છે. ગુજરાત સરકાર દ્વારા ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન યોજાનારી વાયબ્રન્ટ ગ્લોબલ સમિટમાં હાઈડ્રોજન ફ્યુઅલ ટેકનોલોજી સંલગ્ન અડધો ડઝનથી વધુ ઉદ્યોગજૂથો રાજ્ય સરકાર સાથે એમઓયુ સાઈન કરશે અને તેમને જમીન સહિતના અનેક ઈન્સેન્ટીવ આપવાનું પણ નક્કી કર્યું છે.

## વાતાવરણમાં ફરી પલ્ટો આવ્યો

**વાદળો દૂર થતા તડકો નીકળ્યો એક જ દિવસમાં મહત્તમ તાપમાન સાત ડીગ્રી વધ્યુ**

ગાંધીનગર, તા. ૩

સુસવાટા મારતા ઠંડા પવનોથી આજે વસાહતીઓને થોડીક રાહત મળી હતી. વાદળો હટતા અને પવનની ગતિ ઓછી થતાં રાહત મળી હતી. એક જ દિવસમાં મહત્તમ તાપમાન વધી ગયુ હતુ.

ગાંધીનગર શહેર છેલ્લા બે દિવસથી હીલસ્ટેશનની ઠંડી અનુભવી રહ્યુ હતુ. સુસવાટા મારતા પવનો અને કડકડતી ઠંડીએ સૌને પરેશાન કરી દીધા હતા. ભર બપોરે ઘરની બહાર નીકળી શકાતુ ન હતુ. ગરમ વસ્ત્રો અને હાથ-પગના મોજા દિવસે પણ પહેરવા પડે તેવી આકરી ઠંડી ગાંધીનગરાઓએ બે દિવસ દરમ્યાન અનુભવી હતી. વારંવાર પડતાં છાંટાઓ વાતાવરણને વધુ ને વધુ ઠંડુ બનાવતા હતા. ઠંડા પવનો અને વરસાદી ઝાંપટાના કારણે વાતાવરણમાં એટલી બધી ઠંડક વધી ગઈ હતી કે મહત્તમ તાપમાન ઘટીને ૧૯.૫ ડિ.સે. સુધી પહોંચી ગયુ હતુ. જાણે બરફ પરથી પવન ફુંકાતો હોય તેવી ઠંડી અનુભવાતી હતી. આખરે આજે તેમાં થોડીક રાહત મળી હતી. વાદળો દૂર થતા આજે સૂર્યપ્રકાશ જોવા મળ્ય હતો.

તડકો નીકળતા વાતાવરણ થોડુક હુંફાળુ બન્યુ હતુ. મહત્તમ તાપમાન સાત ડિગ્રી જેટલુ વધીને ૨૬ ડિગ્રીએ પહોંચ્યુ હતુ. જ્યારે લઘુત્તમ તાપમાનમાં બે ડિગ્રી જેટલો ઘટાડો થયો હતો અને તે ૧૪ ડિગ્રી નોંધાયુ હતુ.

# જિલ્લામાં રવિ સીઝનની વાવણી ૫૦,૬૧૧ હેક્ટરમાં સંપન્ન

**તમાકુ, ચણા, રાઈના વાવેતર વિસ્તારમાં વૃદ્ધિ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનની વાવણીની કામગીરી ૬૭ ટકા જેટલી સંપન્ન થઈ ગઈ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૦૬૧૧ હેક્ટરમાં રવિ સીઝનની વાવણી થઈ ચુકી છે. જિલ્લામાં આ વખતે ચોમાસામાં વરસાદની ૨૯ ટકા ઘટને પગલે પાક-પેટર્નમાં બદલાવ જોવા મળ્યો છે. તમાકુ, રાઈ અને ચણાના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર વધારો થયો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ઘઉંનું વાવેતર ૧૫,૧૯૧ હેક્ટર વિસ્તામરાં, મકાઈનું વાવેતર ૨૨૯ હગેક્ટરમાં, ચણાનું વાવેતર ૧૨૮૪ હેક્ટરમાં, રાઈનું વાવેતર ૧૫૬૬ હેક્ટરમાં નોંધાયુ છે.

તમાકુનુ વાવેતર ૩૮૯૫ હેક્ટરમાં, બટાટાનું વાવેતર ૯૯૭૩ હેક્ટરમાં, વરિયાળીનું વાવેતર ૬૫૩ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૫૦૯૯ હેક્ટરમાં તથા ઘાસચારાનું વાવેતર ૧૨,૭૧૭ હેક્ટરમાં નોંધાયુ છે. જિલ્લામાં સૌથી વધુ વાવેતર માણસામાં ૧૮,૫૪૩ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૧૪,૪૯૬ હેક્ટરમાં, દહેગામમાં ૧૧,૫૧૮ હેક્ટરમાં અને કલોલમાં ૬૦૫૪ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયું છે.

# કોંગ્રેસના નવા પ્રદેશ પ્રમુખ તરીકે જગદીશ ઠાકોરની વરણી

**વિપક્ષ નેતા તરીકે સુખરામ રાઠવાની પસંદગી : ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં ચાલુ ધારાસભ્ય રહેતા પાટણ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા**

ગુજરાત કોંગ્રેસના નવા કેપ્ટન એટલે પ્રદેશ પ્રમુખ તરીકે ઓબીસી સમાજના આગેવાન અને પૂર્વ સાસંદ જગદીશ ઠાકોરની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. છેલ્લા અનેક મહિનાથી કોંગ્રેસ પાર્ટી અસમંજસ સ્થિતિમાં હતી કે નવા પ્રમુખ અને વિપક્ષ નેતા કોણ બનશે. પરંતુ કોંગ્રેસ કાર્યકર્તાની આતુરતાનો હવે અંત આવ્યો છે અને નવા પ્રમુખ તરીકે જગદીશ ઠાકોરની પસંદગી કરાઈ છે. ઉત્તર ગુજરાતથી રાજનિતી શરૂ કરનાર તેમજ ઓબીસી સમાજના એક મોટા ચહેરા તરીકે ઉભરી આવેલા જગદીશ ઠાકોરની રાજકિય સફર વિશે તમને જણાવી રહ્યા છીએ. ઉત્તર ગુજરાતના ઓબીસી સમાજનો મોટો ચહેરો અને તેજ વક્તા તરીકે જાણીતા પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર બે વખત ધારાસભ્ય ચૂંટણી લડ્યા છે . દહેગામ વિધાનસભા બેઠક પર ૨૦૦૨ થી ૨૦૦૭ અને ૨૦૦૭થી ૨૦૦૮ સુધી ધારાસભ્ય રહ્યા છે. ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં ચાલુ ધારાસભ્ય રહેતા પાટણ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. ૨૦૦૯ થી ૨૦૧૪ સુધી પાટણની



લોકસભા બેઠક પરથી સાંસદ રહી ચૂક્યા છે. ગુજરાત નેતા વિપક્ષ તરીકે પાવીજેતપુરના આદિવાસી ધારાસભ્ય સુખરામ રાઠવા પંસદગી કરાઈ છે. અત્યાર સુધી કુલ ૮ વખત તેઓ ધારાસભ્યની ચૂંટણી લડ્યા છે. જેમાં ૫ વખત વિજેતા બન્યા છે. ૭ વખત છોટાઉદેપુર બેઠક ઉપર લડ્યા જયારે વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૭માં પાવીજેતપુર બેઠક ઉપર થી ચૂંટણી લડ્યા હતા. પાવીજેતપુરમાં પ્રથમ ચૂંટણીમાં ભાજપના જેન્તી રાઠવા સામે ૪૨૭૩ મતોથી હાર્યા હતા. જ્યારે ૨૦૧૭માં ૩૦૫૨ મતોથી ભાજપના જેન્તી રાઠવા સામે જીત મેળવી હતી. વર્ષ ૧૯૮૫થી ધારાસભ્યની ચૂંટણી લડી રહ્યા છે. તેઓ કવાંટ તાલુકાના જામલી ગામના રહેવાસી છે.



**શહેરમાં દબાણ ઝુંબેશ...**

વાઈબ્રન્ટની તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા આરંભી દેવાઈ છે.ત્યારે શહેરને ચોખ્ખુ ચણક કરી દેવા માટે તંત્ર કામે લાગી ગયું છે. આજે સેકટર-૨૧ ખાતે માર્ગની આસપાસ અડીંગો જમાવીને બેઠેલા દબાણકારો દબાણ હટાવી દીધા હતા. સેકટર-૨૧માં તંત્ર દ્વારા ૧૦૦ થી વધુ દબાણો હટાવવમાં આવ્યા હતા.જેમાં ૧૫ લારીઓ જપ્ત કરવામાં આવી છે. તો બીજીતરફ ૨૫ જેટલા ટેબલો પણ કબ્જે કર્યા છે. પંચદેવ મંદિરથી શરુ કરીને આર વર્લ્ડ સુધી તંત્રની ટીમે સફાયો બોલાવ્યો હતો. આ દબાણ હટાવ ટીમમાં બે આઈસર ટ્રક, એક જેસીબી મશીન, ૮ કામદારો, ૬ પોલીસ કર્મચારી, સહિત વનવિભાગની ટીમના ૮ જેટલા સભ્યો સાથે દબાણશાખાએ દબાણની કામગીરી હાથ ધરી હતી. ત્યારે આગામી શહેરમાં પણ આ ઝુબેશ ચાલુ રહેશે.

## ટ્રાફીક જામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવનાર છે. હાલ પણ એન્જિમેક ના એક્સપોના લીધે આ વિસ્તારમાં દિવસ દરમિયાન ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. સે-૧૭ ના એકઝિબ્યુશન સેન્ટર આસપાસના વિસ્તારમાં કાર પાર્ક કરવાની જગ્યા પણ મળતી નથી આજે દિવસ દરમિયાન ચ માર્ગ પર ટ્રાફિકનુ વિશેષ ભારણ રહ્યુ હતુ. ચ-૩ થી ચ-૫ સુધી ના વિસ્તારમાં સતત ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા જયારે પથિકાશ્રમ વિસ્તારમાં પણ ટ્રાફિક વધતા વાહનચાલકો પરેશાન જોવા મળ્યા હતા. ચ માર્ગ પર એન્ટ્રી લેનાર કાર ચાલક ૨૦ થી ૨૫ મિનિટના અંતે માર્ગ ઓળંગી શકે તેવી સ્થિતિ સર્જાઇ હતી. જયારે ટ્રાફિકનુ સંચાલન પણ યોગ્ય રીતે ન થતા વારંવાર ટ્રાફિક અટવાતો હતો. એન્જિમેકની મુલાકાતે બહારગામથી આવનારાની સંખ્યા વિશેષ છે. જયારે કેટલાક મુલાકાતીઆને પાર્કીંગ પણ મળ્યુ ન હતુ. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ એકઝિબ્યુશન સેન્ટર પર નવા એક્સ્પોના આયોજનના લીધે નગર મુલાકાતીઓથી ઉભરાય છે. જયારે કોરોના કાળમાં લાંબા સમય બાદ શહેરના જનજીવનમાં અનોખો ધમધમાટ જોવા મળી રહ્યો છે. કોરોનામાં લોકડાઉન દરમિયાન લાંબા અરસા સુધી લોકડાઉનના લીધે માર્ગો પર સન્નાટો છવાયો હતો જયારે એક વર્ષના અંતે હવે રોજબરોજ શહેરના માર્ગો પર વાહનોની લાંબી કતાર જોવા મળે છે. નગરના ચ માર્ગ સહીત ઘ માર્ગ ઉપર પણ આજે ટ્રાફિકનો વિશેષ ધમધમાટ રહ્યો હતો સવાર થી બપોર સુધી મુખ્યમાર્ગો સતત ટ્રાફિકથી ભરચક જોવા મળ્યા હતા. વાહનચાલકો પણ મુખ્ય માર્ગ પરથી નિકળતા આજા ફસાજા જેવી સ્થિતિ જોવા મળી હતી.

## અસરકારક

● અનુસંધાન પહેલાનું ચાલુ

અહેવાલમાં કંપનીના એક સોર્સને ટાંકીને કહેવામાં આવ્યું છે કે આ રસી વુહાનમાં શોધાયેલ ઓરિજનલ વેરિઅન્ટ વિરુદ્ધ બનાવવામાં આવી હતી અને તેણે દર્શાવ્યું છે કે તે અન્ય વેરિઅન્ટ સામે કામ કરી શકે છે.

હ્વ હજુ સંશોધન ચાલુ છે. વોકહાર્ટ હોસ્પિટલના કેદાર તોરસકરે પણ કહ્યું કે સૈદ્ધાંતિક રીતે, કારણ કે કોવેક્સિન માત્ર સ્પાઈક પ્રોટીન જેમ કે દ્વઈદ્વછ (મોડેર્ના, ફાઇઝર) અને એડેનોવેક્ટર રસીઓ (સ્પુટનિક, એસ્ટ્રાઝેનેકા)ને બદલે તમામ એન્ટિજેન્સ અને એપિટોપ્સને આવરી લે છે, ‘તે ઓમિક્રોન સામે વધુ સારી સુરક્ષા આપી શકે છે, પરંતુ તે માટે વધુ સંશોધન અને પરીક્ષણની જરૂર પડશે. છૈંસ્જીના વડા ડૉ. રણદીપ ગુલેરિયાએ અગાઉ જણાવ્યું હતું કે સ્પાઈક પ્રોટીન રિજનમાં ઓમિક્રોનમાં ૩૦થી વધુ મ્યુટેશન છે, જે તેને રોગપ્રતિકારક એસ્કેપ મિકેનિઝમ વિકસાવવાની ક્ષમતા આપે છે, અને રસીની અસરકારકતાનું મૂલ્યાંકન કાળજીપૂર્વક કરવું આવશ્યક છે. કેમકે મોટાભાગની રસીઓ સ્પાઈક પ્રોટીન સામે એન્ટિબોડીઝ બનાવે છે, સ્પાઈક પ્રોટીન રિજનમાં ઘણા મ્યુટેશન કોવિડ-૧૯ રસીની અસરકારકતામાં ઘટાડો લાવે છે," ગુલેરિયાએ પીટીઆઈને જણાવ્યું.

## ઝુકાવ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શરૂ થઈ છે. જિલ્લામાં છેલ્લી સામાન્ય ચૂંટણીમાં ૧૬ ગ્રામ પંચાયતો સમરસ બની હતી.

જિલ્લામાં પંચાયતોની ચૂંટણીને લઈ ગ્રામીણ વિસ્તારમાં રાત્રિ બેઠકોનો સિલસિલો શરૂ થઈ ગયો છે તો ઉમેદવારો અંગેનું ચિત્ર સ્પષ્ટ થયુ ન હોવા છતાં કેટલાક ઉમેદવારોએ તેમના પ્રચાર અભિયાનના શ્રીગણેશ પણ કરી દીધા હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં ચૂંટણીનો રંગ જામી રહ્યો છે. લગ્નસરાની મોસમ હોવાથી રાજકીય આગેવાનો પણ ગ્રામ્ય વિસ્તારમાં ખાનગી બેઠકો કરતા નજરે ચડી રહ્યા છે. તંત્રએ પણ આદર્શ આચારસંહિતાનો અસરકારક અમલ કરવા માટેની સૂચનાઓ તંત્રના અધિકારીઓને આપી છે.

## પ્રદૂષિત હવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું કે, ઉદ્યોગો બંધ થવાથી રાજ્યમાં શેરડી અને દૂધના ઉદ્યોગો પ્રભાવિત થશે અને રાજ્ય પાછળ ચાલ્યું જશે.

રાજ્ય સરકારે કહ્યું કે, વધારે પ્રમાણમાં પાકિસ્તાન તરફથી પ્રદૂષિત હવા આવી રહી છે. તેના પર સીજેઆઈ એનવી રમણે કટાક્ષ કર્યો હતો. મુખ્ય ન્યાયાધીશ રમણે કહ્યું ,તો તમે પાકિસ્તાનમાં ઉદ્યોગો પર પ્રતિબંધ લગાવવા માંગો છો!

## ચાતક નજર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ મંદિરમાં ૨૧ દેવી-દેવતાની સ્થાપના કરવામાં આવેલી છે. પાંચ દિવસના મહોત્સવમાં ૭૫ લાખથી વધુ ભક્તો ઉમટી પડ્યા હતા. જેમાં ૧૦૦૮ હવનકુંડમાં ૬૦૪૮ યજમાન બેઠાં હતા જેની નોંધ એશિયા બુક અને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં નોંધવામાં આવી હતી.

## ટોક્યો ઓલ્મ્પિકસ વિજેતાઓનુ “યુનિક સ્કૂલ વિઝીટ કેમ્પેઈન”

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશભરમાં વિવિધ અભિયાન અને નવતર પહેલ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે તાજેતરમાં જ વડાપ્રધાને ટોકિયો ઓલ્મિપક્સ અને પેરાઓલ્મ્પિકસના વિજેતાઓને યુનિક શાળા મુલાકાત મિશન અંતર્ગત ભારતના ભાવિ ચેમ્પિયન્સને સશક્ત બનાવવા માટે સંતુલિતાહાર (સંતુલિત આહાર), તંદુરસ્તી અને રમતગમતના ખૂબ જ મહત્વપૂર્ણ વિષયો પર શાળાના બાળકો સાથે વાતચીત કરવાના આહવાન કર્યુ છે. આ અભિયાનના ભાગરૂપે ટોક્યો ઓલમ્પિકમાં જેવલિન થ્રો રમતમાં ગોલ્ડ વિજેતા નીરજ ચોપરા ૪ ડિસેમ્બરે અમદાવાદના ધુમા સ્થિત સંસ્કારધામ સ્કૂલની મુલાકાત લેશે. વડાપ્રધાનના યુનિક શાળા મુલાકાત મિશનનો અમદાવાદથી શુભારંભ કરાવશે. નીરજ ચોપરા સંસ્કારધામ સ્કુલના બાળકો સાથે સંતુલિત ભોજન લઈ ફિટનેસ અને રમતો પ્રત્યે જાગરૂકતા ફેલાવશે.

# સંસ્કારધામ ખાતે નીરજ ચોપરા ૭૫ શાળાઓના બાળકો સાથે વાર્તાલાપ કરશે

ગાંધીનગર, તા. ૩

ગુજરાત રાજયના અમદાવાદ જિલ્લાનું સંસ્કારધામ એવી પ્રથમ શાળા બનવા જઈ રહી છે, જ્યાં ઓલિમ્પિકના સુવર્ણ ચંદ્રક વિજેતા નીરજ ચોપરા એક ગાલા ઈવેન્ટમાં હોસ્ટ થવા જઈ રહ્યા છે, જ્યાં તેઓ ૪ ડિસેમ્બર શનિવારના રોજ ૭૫ થી વધુ શાળાના બાળકો સાથે વાર્તાલાપ કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જે વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં સહભાગી બની રહ્યાં છે તેઓ માટે આ સુવર્ણ એવો યાદગાર અનુભવ બની રહેશે.

વર્ષ-૨૦૨૧-૨૨ની શરૂઆતમાં ’આઝાદી કા અમૃત મહોત્સવ’ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલી સ્પષ્ટતાના આહવાનને પ્રતિસાદ આપતા, અમારા ઓલિમ્પિયન અને પેરાલિમ્પિયનો સંતુલિત આહાર (સંતુલિત)ના ખૂબ જ મહત્વપૂર્ણ વિષયો પર શાળાના બાળકો સાથે વાર્તાલાપ કરવા તૈયાર છે. ડાયેટ, ફિટનેસ અને સ્પોર્ટ્સ એક અનોખા અભિયાન દ્વારા ભારતના ભાવિ ચેમ્પિયનને સશક્ત બનાવવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

સંસ્કારધામ પરિવાર દ્વારા નીરજ ચોપરાની આ ખૂબ જ યાદગાર સફર બનાવવા માટે ભવ્ય તૈયારીઓ કરવામાં આવી રહી છે. સંસ્કારધામના પ્રાંગણમાં તેઓના આગમન પહેલાં ઘણી બધી ઓન-ગ્રાઉન્ડ પ્રવૃત્તિઓ, સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહી છે, દૂરદર્શન ગુજરાતી ચેનલ પર એક પેનલ ચર્ચા અને તેના ફાયદાઓની ચર્ચા થશે.

આગામી કાર્યક્રમ વિશે જણાવતાં, શાળાના ઝઈર્ બાંકે બિહારી મહેશ્વરીએ જણાવ્યું હતું કે “સંસ્કારધામ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓના શિક્ષણ અને ચારિત્ર્ય ઘડતર માટે પ્રતિબદ્ધ છે. સંસ્કારધામ શૈક્ષણિક ક્ષેત્રે શ્રેષ્ઠતા પર ધ્યાન કેન્દ્રિત કરીને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહિત કરે છે. તેમજ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરવા અને પ્રેરણા આપવા માટે સંસ્કારધામ સંકુલમાં એથ્લેટિક્સમાં પ્રથમ ભારતીય ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા નીરજ ચોપરાનું અભિવાદન કરવામાં અમને ખૂબ ગર્વ છે.’’

સમગ્ર ગુજરાતમાં વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો છે અને કેટલીક શાળાના બાળકોએ કાર્યક્રમના દિવસે નીરજને પ્રશ્નો પૂછવાની તક જીતી છે. નીરજ માત્ર શાળાના બાળકો સાથે જ વાર્તાલાપ કરશે નહીં પરંતુ તે વિવિધ ફિટનેસ અને રમતગમતની પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેશે જેમ કે વોલીબોલ, તીરંદાજી અને ૨૦૦ થી વધુ હ્રન્જીજી (જિલ્લા સ્તરની રમત શાળા) વિદ્યાર્થીઓ સાથે જેવલિનની ટીપ્સ પણ શેર કરશે.